આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:–30-07-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## રાજ્ય ખેડૂતો- ઈસમૃધ્ધિ પોર્ટલ

રાજ્યનાં ખેડૂતો આવતીકાલથી 31 ઓક્ટોબર સુધી મગફળી, અડદ અને સોયાબીનનાં ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી શકશે. આ પાકોનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થયું હોવાથી લાભ પાંચમના પછીના દિવસથી રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી ખરીદી શરૂ કરશે, જે 90 દિવસ સુધી ચાલશે. ખેડૂતોએ નાફેડના ઇ સમૃધ્ધિ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. 150થી વધુ કેન્દ્રો પર નાફેડના માધ્યમથી ખરીદી કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય માર્ગો પહોળાની કામગીરી

રાજ્યમાં માર્ગો પરના સાંકડા પુલ-ના માળખાને પહોળા કરી ટ્રાફિકજામ થવાની સમસ્યામાંથી મુક્તિ માટે રાજ્ય સરકારે 245 કરોડ 30 લાખ રૂપિયા મંજૂર કર્યા છે.

રાજ્યમાં 20 જેટલા માર્ગો-રસ્તાઓ પર રોડની સાપેક્ષમાં સાંકડા હોય તેવા 41 હયાત પુલ અને સ્ટ્રક્ચર્સ પહોળા કરવાની કામગીરી માટે આ ફાળવણી કરવામાં આવી છે.

આગામી દિવસોમાં રાજ્યના આવા સાંકડા માર્ગો પહોળા કરવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાશે.જેને કારણે ટ્રાફિક જામની સમસ્યામાંથી નાગરિકોને મુક્તિ મળશે. **RNU અમદાવાદ**

---

RNU BHUJ

## પક્ષી વસ્તી – વન વિભાગ

રાજ્યમાં અંદાજે ૧૮થી ૨૦ લાખની વિવિધ પક્ષી વસ્તી હોવાનું વન વિભાગે જણાવ્યું છે.

વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ ‘બર્ડ ડાયવર્સિટી રિપોર્ટ ૨૦૨૩-2024ને જાહેર કરતાં કહ્યું હતું કે પક્ષી વસ્તી દર્શાવે છે કે ગુજરાત સાચા અર્થમાં ‘પક્ષી જીવન’ માટે પણ સમગ્ર દેશમાં સ્વર્ગ તરીકે ઉભરી આવ્યું છે.

આ અહેવાલ અનુસાર દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ ૪૫૬ પક્ષી પ્રજાતિઓની વિવિધતા નોંધાઈ છે, જયારે સરહદી કચ્છ જિલ્લામાં ૧૬૧ પ્રજાતિઓના ૪ લાખ ૫૬ હજાર જેટલા પક્ષીઓ જોવા મળ્યા છે.

કચ્છના છારી ઢંઢની કુલ ૨૨ હજાર ૭૦૦ હેક્ટર જમીનમાં ૧૫૦થી વધુ પ્રજાતિઓના ૩૦ હજારથી વધુ પક્ષીઓ માટે સુરક્ષિત નિવાસસ્થાન સાબિત થયું છે. રાજ્યમાં સ્થિત નળ સરોવર, નડાબેટ, બોરીયા બેટ, થોળ વગેરે જેવા સ્થળો અંદાજે ૫૦ હજારથી પણ વધુ સ્થાનિકો તથા યાયાવર એટલે કે વિદેશી પક્ષીઓના ‘હોટસ્પોટ’ તરીકે જાણીતા થયા છે.

**RNU અમદાવાદ**

---

## રાષ્ટ્રીય પોષણ માસ - સ્વચ્છતા

રાજ્યભરમાં રાષ્ટ્રીય પોષણ માસ અને સ્વચ્છતા હી સેવાની ઉજવણી ચાલી રહી છે. જે અંતર્ગત જિલ્લામાં નગરપાલિકા અને ગ્રામ્ય કક્ષાએ જાહરે સ્થળોની સાફ સફાઈ હાથ ધરાઈ હતી. અભિયાન અંતર્ગત શાકમાર્કેટ, ખાણીપીણી માર્કેટ, ઢાબા, રેસ્ટોરન્ટ, લોજ વગેરેની સફાઈ કરાઈ હતી. અંજાર, ભુજ, માંડવી નગરપાલિકા તથા વરસાણા, મોટી ભુજપુર, વવાર, પડાણા વગેરે ગામોમાં સફાઈ કરવા સાથે સ્થાનિક વેપારીઓ, ફેરિયાઓ વગેરેને કચરાના નિકાલ માટે સમજ અપાઈ હતી. તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો યોગ્ય નિકાલ કરાયો હતો. તેમજ જિલ્લાની આંગણવાડીઓમાં સ્વચ્છતા સાથે એક પેડ મા કે નામની થીમ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

---

## સ્વઃસહાય જૂથ બહેનો ટોક શો

સ્વચ્છતા હી સેવા અંતર્ગત મિશન મંગલમ અને સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજનાના સંકલન દ્વારા ગ્રામ્ય કક્ષાએ સ્વ:સહાય જૂથની બહેનો સાથે સખી ટૉક શોનું આયોજન કરવામાં આવ્યું હતુ.

વિરાણીયા, સુગારીયા, સતાપર, સુવઇ, માધાપર, મોટી ભુજપુર, મમાયમોરા, દયાપર, મીઠીરોહર સહિતના ગામમાં બહેનોને સ્વચ્છતા અંગે જાગૃત કરવા માટે સંવાદ યોજવામાં આવ્યો હતો. આ તકે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અને મિશન મંગલમ્ યોજનાના જિલ્લા અને તાલુકાના કર્મચારીઓ દ્વારા બહેનોને સ્વચ્છતા, ગોબરધન, પશુઓ, સ્વચ્છતામાં મહિલાઓનો ફાળો સહિત વર્મી કંપોસ્ટ અને પશુ શેડની સ્વચ્છતા અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

પ્ર. આરતી ભટ્ટ NP

---

## તાલુકા પંચાયત કચેરી - સ્વચ્છતા

સ્વચ્છતા હી સેવા અંતર્ગત ભચાઉ, રાપર, ગાંધીધામ, નખત્રાણા, મુંદરા, અંજાર, માંડવી તાલુકા પંચાયત કચેરીઓ ખાતે સ્વચ્છતા સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકીય, સામાજિક, ધાર્મિક અગ્રણીઓ સાથે સ્વચ્છતા સંવાદ યોજાયો હતો. જેમાં હાથ ધોવાની રીત, બિનચેપી રોગ વિશેની વિસ્તૃત ચર્ચા તથા અન્ય સ્વચ્છતા અને આરોગ્ય વિષયક જાણકારી અને સમજ આપવામાં આવી હતી. ગ્રામ પંચાયત કક્ષાએ સેનિટેશન તથા સફાઇ અંગે ગ્રામજનો સાથે સંવાદ સાધવામાં આવ્યો હતો.

પ્ર. આરતી ભટ્ટ NP

---

## માતાનામઢ – દર્શનાર્થીઓની ભીડ

આસો અશ્વિન નવરાત્રી પર્વને શરૂ થવાને હજુ ત્રણ દિવસ બાકી રહ્યા છે તે પૂર્વે જ માતાનામઢ ખાતે **50** હજાર યાત્રિકોએમાં આશાપુરાના દર્શનનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી. આજે સોમવાર વહેલી સવારે પ્રવેશ ગેટ નંબર ચારથી લઈને નિજ મંદિર સુધી દર્શન માટે લાંબી કતારો લગાવી હતી.

**પ્ર. આરતી ભટ્ટ NP**

---------------------------------------------------------------------------

RNU BHUJ